# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૬ તા.૧૪-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- SMC તાલીમ અન્વયે બીજા દિવસની ટેલીકોન્ફરન્સના આયોજન બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૧૬-૧૨-૨૦૨૨ના રોજ પ્રસારણ તથા તા.૧૯-૧૨-૨૦૨૨ના રોજ પુનઃપ્રસારણ દ્વારા SMCના સભ્યોને તાલીમ આપવામાં આવશે. આ તાલીમમાં શાળા વિકાસ યોજના, હિસાબીય બાબતો, શાળા બહારના બાળકો, વોકેશનલ એજ્યુકેશન, દિવ્યાંગ બાળકો અંગે માર્ગદર્શન તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપવામાં આવનાર છે તો SMCના સભ્યો સહિત મુખ્ય શિક્ષક ઉપરોક્ત દર્શાવેલ તારીખ પૈકી કોઇ એક દિવસે ૧૨ થી ૧ દરમિયાન વંદે ગુજરાત ચેનલ-૧ પર પ્રસારણ નિહાળવાનું રહેશે. આ તાલીમ માટે શાળાદીઠ રૂા.૭૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવનાર છે જેનો નિયમોનુસાર ખર્ચ કરવાનો રહેશે. તેમજ હાજર રહેલ સભ્યોની માહિતી સી.આર.સી.કો.ઓ.ને મોકલી આપવાની રહેશે.

તા.૧૪-૧૨-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી